## શહેરમાં દેવીપૂજક સમાજનું વિરાટ સંમેલન યોજાશે



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ સોરી... તમે અમને આખા દિલ્હીમાં કેમેરાનો કોન્ટ્રાક્ટ આપ્યો... એટલે અમે તમને ફ્રીમાં કેમેરો ફીટ કરી આપ્યો હતો... અને તમને કહેવાનું ભુલી ગયા...!!

## પાવન પર્યુષણ (સાતમો દિવસ)

પ.પૂ.આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબની અમૃતવાણી

### જૈનાચાર્યનો સ્વર્ણિમ ઈતિહાસ

કોઈપણ પરંપરા તેના શ્રેષ્ઠ અનુયાયીઓમાંથી જ ટકે છે તે પરંપરા ધંધાની હોય કે ધર્મની જૈન પરંપરા વિશેષ ગૌરવપદ એટલે છે કે ભગવાન મહાવીરના અનુયાયીઓ જૈનાચાર્ય આટલા વર્ષો બાદ પણ પોતાની આચાર સંમ્પન્નતાને વળગી રહ્યા છે. વાહનના યુગમાં પદયાત્રા બ્યુટીપાર્લરના યુગમાં પણ મસ્તક દાઢી મુછના વાળ ખેંચીને કાઢવાના વિગેરે નિયમોને દૃઢ પણે વળગી રહ્યા છે. આ જડતા નથી સમજદારી છે. દુનિયા બદલાય એટલે આપણે બદલાવવું ફરજિયાત નથી જરૂર હોય તો પરિવર્તન કરવું જોઈએ પણ પરિવર્તનના પ્રવાહમાં તણાવું




અણસમજુ પણાની નિશાની છે. જૈન સાધુઓ સમજદાર હોય છે. સંસ્કૃત પ્રાકૃત જેવી મુળ શાસ્ત્રોની ભાષા પણ તેઓ શિખે છે અને ગ્રંથો ભણે છે. ચિંતન મનન પણ કરે છે અને ઉચ્ચ આચરણ પણ આચરે છે. તેમના ચારિત્ર અને પ્રતિભા હેઠળ ભલભલા વિદ્વાનો ઉદ્યોગપતિઓ રાજકારણીઓ અંજાઈ જાય છે. આ તેમને પરંપરાથી મળેલું છે આજના બપોરના પ્રવચનમાં આવા ધુરંધર જૈનાચારોની વાત આવે છે. ભગવાન મહાવીરના પટ્ટધર શ્રી સુધ્રર્મ સ્વામી તેમના પટ્ટધર જંબુસ્વામી તેમના પટ્ટધર પ્રભાવસ્વામી વિગેરે છે. દેવેન્દ્રગણિ ક્ષમા શ્રમણ સુધીના આચાર્યની વાત અહિ રજુ કરવામાં આવે છે. આ બધા આચાર્યોએ સાધના કરી ધર્મની ઉન્નતી કરી શિષ્યોને ધર્મની દેશના ફરમાવી અને મોક્ષ કે સ્વર્ગ પ્રાપ્ત કર્યુ. આ જંબુ સ્વામી પછી કોઈ મોક્ષે ગયું નથી એમ જૈન પરંપરા માને છે. કારણ કે તે પુર્વે જેવી સાધના આત્મશુદ્ધિ સાધકો કરતા હતા એવી હાલ ઉપલબ્ધ નથી.

તેમ છતાં વિશિષ્ટ આરાધના સાધના દ્વારા જિવાત્મા પોતાના આત્માને કર્મ પડેલાથી મહદ અંશે મુક્ત કરીને સારી ગતી પામી શકે છે. જ્યાથી બીજા કે ચોથા ભવમાં મોક્ષ પ્રાપ્ત થાય સ્વર્ગ અને મોક્ષ ભિન્ન છે એક નથી સ્વર્ગમાં દેવો વસે છે અને મોક્ષમાં પરમાત્મા ભગવાન વસે છે. સ્વર્ગના દેવો તેમનું આયુષ્ય પુરૂ થાય એટલે પુનઃ મનુય નર્ક કે પશુની યોનીમાં પરિભ્રમણા અર્થે આવે છે. જ્યારે પરમાત્મા સર્વ કર્મ મુક્ત હોવાથી પુનઃ કદિપણ સંસારમાં અવતરતા નથી. એમને કોઈપણ કારણસર પુનઃ જન્મ ધારણ કરવો પડતો નથી. ખાસજૈન ધર્મની એક મજાની અને વાસ્તવિક માન્યતા છે કે ભગવાનનું સ્વરૂપ એક સરખું જ હોય છે. પણ ભગવાન કોઈપણ જીવ બની શકે છે. તમે પોતે પણ ભગવાન બની શકો. સંસારી માણસના કામ ક્રોધ માન માયા મોહ ઈર્ષા જેવા દુર્ગુળો પુર્ણ પણે નાશ પામે તો તેજ જીવાત્મા પરમાત્મા બની જાય છે. હાલ જે પણ પરમાત્મા મોક્ષમાં છે તપણ પુર્વે આપણા જેવા જ હતા તેમણે સાધનાના બળે પોતાના અંતર શત્રુ પર વિજય પ્રાપ્ત કર્યો અને આવું શ્રેષ્ઠ સ્થાન પામ્યા આવા પરમાત્મા સ્વરૂપે થયેલા જીવોને કદી પુનઃ સંસારમાં આવવું પડતુ નથી. આજ સુધીમાં આવા મોક્ષે ગયેલા જીવો અનંતા છે. આપણે પણ સાધના કરીએ દુર્ગુણો પર વિજય પ્રાપ્ત કરીએ અને પરમાત્મા બનીયે.

# સે-૨૨ ગણેશોત્સવમાં ભકિતવંદના અને કલા સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે

**સે-૨૨ રંગમંચ ખાતે વોટર પ્રુફ ડોમમાં સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા કોમી એખલાસના માહોલ વચ્ચે મહોત્સવનો પ્રારંભ કરાશે : વૈવિધ્યસભર સાંસ્કૃતિક કૃતિઓ તેમજ યોગ નિદર્શન કાર્યક્રમ આકર્ષણ જમાવશે**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં ગણપતિ મહોત્સવની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.ત્યારે શહેરમાં છેલ્લા સાડા ચાર દાયકાથી પણ વધુ સમયથી ગણેશોત્સવની ઉજવણી કરતી સંસ્થા સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા પણ ગણપતિ મહોત્સવની દિવ્ય અને ભવ્ય ઉજવણી કરવામાં આવશે. વડીલો દ્વારા પ્રેરિત ગણેશમહોત્સવની ઉજવણીમાં કોમી એખલાસના માહોલ વચ્ચે કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળશે.રાજયના પ્રત્યેક જિલ્લાના કલાકારો આગવી સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરશે. ભકિતવંદના સાથે પારિવારિક માહોલમાં વિઘ્નહર્તાના હેતે ઓવારણાં લેવાશે. સે-૨૨ રંગમંચ ખાતે ભગવાન ગણેશજીની ભવ્ય મુર્તિની સ્થાપના કરી રાત્રિના સમયે રંગારંગ કાર્યક્રમો યોજાશે. પર્યાવરણના થીમ આધારિત આ ઉજવણીને અનુલક્ષી વરસાદને ધ્યાને લઈ વોટર પ્રુફ ડોમ પણ ઉભો કરવામાં આવ્યો છે.

સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના પ્રમુખ નિશિત વ્યાસે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગણેશોત્સવની આ ઉજવણીની પ્રેરણા વડીલો મારફતે મળી છે. છેલ્લા ૪૬ વર્ષથી આ ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ૪૭ માં વર્ષે પણ ગણેશોત્સવની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આ ઉજવણીમાં નગરના વેપારીઓ સંસ્થાઓ તેમજ ભાવિકો મોટી સંખ્યામાં જોડાશે રાજયપાલ ઓ પી કોહલીના હસ્તે ગણેશોત્સવનો પ્રારંભ કરવામાં આવશે. જયારે પ્રથમ દિવસે કોમી એખલાસના માહોલમાં સમાજના વિવિધ વર્ગના આગેવાનો તેમજ હુસેની કમિટીના સભ્યો પણ આરતીમાં જોડાશે. કડી કેમ્પસના ૨૫૦ જેટલા બાળકો દ્વારા સંસ્કૃતિ અને સંસ્કારનુ સિંચન કરતી વિવિધ કૃતિઓ રજુ કરાશે. આ ઉપરાંત ગુજરાતના વિવિધ જિલ્લામાંથી કલાકરો ભાગ લઈ આગવા સાંસ્કૃતિક નૃત્યો રજુ કરશે. આ ઉપરાંત આપણુ ફાઉન્ડેશન દ્વારા સરકારી શાળાના બાળકોને નૃત્યની તાલીમ આપવામાં આવી છે. સંસ્થાના ધવલ તન્ના અને ભાર્ગવ આહીર દ્વારા અંધશાળાના બાળકોને પણ તાલીમ આપવામાં આવી છે. આ બાળકો પણ આ સ્ટેજ પરથી પરફોર્મ કરશે.ગણેશોત્સવની ઉજવણી દરમિયાન યોગ નિદર્શનનો કાર્યક્રમ પણ યોજાશે.પર્યાવરણ થીમ આયોજિત મહોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત જયોતિ મહીલા મંડળ દ્વારા હલ્દી કંકુ, ભજન સ્પર્ધા તેમજ મોદક સ્પર્ધા સહીતના કાર્યક્રમો યોજવામાં આવશે. ગણેશોત્સવની ઉજવણીના પ્રારંભે તા ૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે સે-૨૨ આનંદ વાટીકામાંથી શ્રીજીની મુર્તિની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવશે. ત્યારબાદ સે-૨૨ રંગમંચ ખાતે શ્રીજીની વિધિવત સ્થાપના કરી પુજાવિધિ કરાશે. ગણેશોત્સવ સમિતિના અરૂણ બુચ, જયરાજસિંહ સરવૈયા ચેતના બુચ કલ્પેશ બાલપાંડે સહીતના અગ્રણીઓ મહોત્સવને અનુલક્ષી તૈયારીમાં જોડાયેલા છે. તેમણે પણ આ તબક્કે ભાવિકોને ઉજવણીમાં જોડાવા માટે અપીલ કરી હતી.

## તપોવન સંશોધન કેન્દ્રમાં સગર્ભા બહેનોએ માટીમાંથી ઈકો ફ્રેન્ડલી શ્રીજી બનાવ્યા

સેકટર-૨૦, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સે-૨૦-ગાંધીનગર ખાતે સગર્ભા બહેનો માટે 'તપોવન સંશોધન કેન્દ્ર' ચાલી રહ્યુંછે. આ કેન્દ્રમાં આવતી બહેનોને નિયમિત રીતે પ્રાર્થના, ધ્યાન, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, ગર્ભસંવાદ, યોગાભ્યાસ વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

પ્રકૃતિના પંચ મહાભૂતો પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશમાંથી સગર્ભા માતા પૃથ્વી તત્વની અનુભૂતિ કરે અને માતા દ્વારા મેળવેલ અનુભૂતિનો આનંદ ગર્ભસ્થ શિશુ પણ અનુભવે તે હેતુથી શનિવારના રોજ 'તપોવન સંશોધન કેન્દ્ર' માં વોકેશનલ ગાઈડન્સ ઈન્સ્ટીટયુટના સહાયક વ્યવસાયિક માર્ગદર્શન અધિકારી મધુબહેન દવેએ ખાસ પ્રકારની માટીમાંથી ગણપતિ બનાવતા શીખવ્યું હતું. આ પ્રવૃત્તિથી સગર્ભા બહેનોની સર્જનાત્મક શકિત પ્રગટ થાય છે તથા સર્જનનો અનેરો આનંદ પણ અનુભવે છે. વર્તમાન સમયમાં પ્લાસ્ટર ઓફ પેરિસમાંથી ગણપતિ બનાવવામાં આવે છે જેનું વિસર્જન કરતી વખતે પર્યાવરણની ખૂબ હાની થાય છે. માટીના ગણેશને આપણે 'ઈકો ફ્રેન્ડલી' ગણી શકીએ.



આને આપ શું કહેશો ? ભંગાર કે ડેથબોડી ? અરે ભાઈ આ તો વર્ષાઋતુનું સુંદર નજરાણું છે. આને મારી ભાષામાં કહીશ તો આધુનિકતા પર કુદરતનો વિજય છે. એક ભંગાર નિર્જીવ ગાડી પર વિંટળાયેલી વેલીઓએ જાણે કોઈ કદરૂપી નવોઢાને સુંદર ઘરેણાંથી શણગારી દીધી હોય, નગરના ખૂણે ક્યાંક ડીટેઈન થયેલી ગાડી પર વર્ષાના સ્વરૂપે પ્રકૃતિનો પ્રેમ વરસ્યો અને એક સુંદર તસવીર સર્જાઈ. (તસવીર : નિકુંજ પી. વૈશ્યક)



## ચિલોડાના હેત જાનીને મુખ્યમંત્રીના આર્શીવાદ

ચિલોડા ખાતે રહેતા હેત જાનીએ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની મુલાકાત કરી હતી. જેમાં હેત જાનીએ પોતાના જીવનના ધ્યેય માઉન્ટ એવરેસ્ટ સબમીટ કરવા માટે આર્શીવાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ હેત જાનીના આ કાર્યને બિરદાવીને પોતાનાથી થતી તમામ સહાયતા પૂરી પાડવા આશ્વાસન આપ્યું હતું. હેત જાનીની આ કાર્ય સિધ્ધિ ગુજરાત રાજય માટે ગૌરવ સમાન ગણાવીને નાની ઉંમરે આ કાર્ય માટે મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

## શહેરમાં દેવીપૂજક સમાજનું વિરાટ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં દેવીપૂજક સમાજનું વિરાટ સંમેલન સત્યાગ્રહ છાવણી ખાતે આગામી તા.૮મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે યોજાશે. આ સંમેલનમાં સમગ્ર રાજયભરમાંથી દેવીપૂજક સમાજના ભાઈ-બહેનો મોટીસંખ્યામાં હાજર રહેશે. વિરાટ દેવીપૂજક સંઘ દ્વારા સાત માંગણી રજુ કરતું આવેદન પત્ર મુખ્યમંત્રી તેમજ ગાંધીનગર કલેકટરને આપશે. સ્પેશીયલ ૧૧ ટકા અનામત આપી એસટીમાં સમાવેશ, કચ્છમાં રદ કરેલ અનુસૂચિતના લાભ પરત ચાલુ કરવા, શિક્ષણ અને સ્વરોજગાર સહિતના પ્રશ્નનો સમાવેશ કરાયો છે.

વિરાટ દેવીપૂજક સંઘના પ્રમુખ તેમજ હિત રક્ષક સમિતિ દ્વારા જણાવવામાં આવે છે કે અમારો દેવી પૂજક સમાજ ખુબ જ આર્થિક અને શિક્ષિત રીતે પછાત હોય છે. ઓબીસીના ૨૭ ટકા અનામતમાંથી ૧૧ ટકા અનામત સ્પેશીયલ એસટી કેટેગરીવાળુ આપવા રજુઆત કરવામાં આવશે. તેમજ બીજી અન્ય માંગણીઓ છે જેમાં કચ્છમાં રદ કરેલા અનુસૂચિતના લાભ પરત ચાલુ કરવા, શિક્ષણ માટે દરેક જિલ્લા-તાલુકામાં હોસ્ટેલ કે છાત્રાલયો બનાવવા, સ્વરોજગાર માટે વાઈબ્રન્ટ સ્માર્ટ માર્કેટ બનાવવા, ધર્મ પરંપરાની ગરીમા જાળવવા, એટ્રોસીટી કાયદો લાવી દેવીપૂજકની ગરીમા જળવાય તે દિશામાં કામગીરી થાય તે અત્યંત જરુરી બન્યું છે. સમગ્ર ગુજરાતમાંથી તા.૮મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ થી ૩ કલાક દરમ્યાન સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનારા મહા સંમેલનમાં દેવીપૂજક સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહેશે. સભા બાદ વિરાટ દેવીપૂજક સંઘના હોદેદારો રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી રજુઆત કરશે. વિરાટ દેવીપૂજક સંમેલનમાં સમાજના ભાઈ-બહેનોને મોટી માત્રામાં હાજર રહેવા પ્રમુખ રૂપસંઘભાઈ ભરભીડીયાએ અનુરોધ કર્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર આજે તેમની ચેમ્બર છોડી કારોબારી સમિતિના ચેરમેનની ચેમ્બરમાં તેમના કાર્યકર્તાઓ સાથે વાત કરવા બેઠા હતા.

● ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભ અંતર્ગત ૧૦ હજાર જેટલા ખેલાડીઓએ અત્યાર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી દીધું છે.

● ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવરના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં નિર્માણ પામેલ જાહેર સેવા આયોગના ભવનનું મુખ્યમંત્રીના હસ્તે પમીએ લોકાર્પણ કરવામાં આવશે.

● આગામી ૧૦મી સપ્ટેમ્બરના રોજ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરીનો ગાંધીનગર ટાઉનહોલમાં સન્માન સમારોહ યોજવામાં આવ્યો છે.

● આજે રાજભવન ખાતે સિનીયર સીટીઝન્સને લઈ એક ખુબજ ચિંતનાત્મક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર જિલ્લામાં વરસાદના હળવા ઝાપટાઓ પછી ઉકળાટ અને ગરમી વધવા પામતાં લોકો ત્રાહિમામ્ થઈ ગયા છે. ૬૫ ટકાથી વધુ વરસાદ પછી પણ હજુ પંખા ચાલુ રાખવા પડી રહ્યા છે.

## એથ્લેટીકસ સ્પર્ધામાં બાલવા સ્કૂલનો વિજય

તાજેતરમાં સે-૧૫ સ્થિત સાઈ ખાતે જિલ્લા કક્ષાની એથ્લેટીકસ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંડર-૧૯માં હથોડા ફેંકમાં ચૌધરી કાર્તિક, ૧૫૦૦ મી. દોડમાં હરેશ દંતાણી, ૫૦૦૦ મી. દોડમાં અજીત દંતાણી અનેચક્રફેંકમાં સૃષ્ટિ ચૌધરી પ્રથમ ક્રમાંકે વિજેતા બન્યા હતા તથા રાહુલ રાવળે લંગડી ફાડકુદમાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. અંડર-૧૭ વિભાગમાં હથોડા ફેંકમાં આયુશ ચૌધરી ત્રીજા ક્રમાંકે, જીનલ પ્રજાપતિ લાંબી કુદમાં ત્રીજા ક્રમાંકે તથા ૪૦૦ મી. દોડમાં આશા ઠાકોર દ્વિતિય ક્રમાંકે વિજેતા બન્યા હતા. શાળાના વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર પટેલે ખેલાડીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. તમામ ખેલાડીઓને શાળાના આચાર્ય તુલસીગીરી યુ. ગોસ્વામી, પ્રમુખ અને ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા છે.

# આજે બિનજરૂરી હોર્નના ઘોંઘાટ સામે અનોખી "નો-હોર્ન મુવમેન્ટ"

**દર રવિવારે ઘ-૦ સર્કલે યોજાતી મુવમેન્ટમાં વાહનચાલકોને બિનજરૂરી હોર્ન ના વગાડવા સમજાવાયી રહ્યાં છે : ઓસ્ટ્રેલિયાથી યુવાન સમગ્ર મુવમેન્ટનું સંચાલન કરી રહ્યો છે**

ગાંધીનગર, તા. ૩

આપણા શહેરમાં જ્યાં પણ થોડોક ટ્રાફિક થાય ત્યાં વાહનોના હોર્ન વાગવા લાગે છે. રેલવે ફાટક ખુલવા સમયે, ટ્રાફિક સિગ્નલ ચેન્જ થવા સમયે, સ્કૂલ, કોલેજ, ઓફિસ છુટવાના સમયે કે ક્યારેક તો બસ અમથા અમથા જ એટલા બધા હોર્નના અવાજ સંભળાય છે કે માનવી પરેશાન થઈ જાય. સતત હોર્ન વગાડવાની વાહનચાલકોની કુટેવના કારણે ધ્વનિ પ્રદૂષણ પણ થઈ રહ્યું છે. ગાંધીનગરમાં છેલ્લા બે સપ્તાહથી એક યુવાને આ ધ્વનિ પ્રદૂષણ સામે જાગૃતિ અભિયાન છેડ્યું છે. અત્યારે એ યુવાન ઓસ્ટ્રેલિયા હોવા છતાં તેના દ્વારા પ્રેરિત આ અભિયાન સફળતાપૂર્વક આગળ વધી રહ્યું છે અને આવતીકાલે તા. ૪થી સપ્ટેમ્બરે ઘ-૦ ઈન્ફોસીટી સર્કલે "નો હોર્ન પ્લીઝ" અભિયાન યોજાશે.




મૂળ રાજકોટનો નિમેષ દવે નામનો યુવાન ૨૦૦૯થી અડાલજના ત્રિમંદિર પાસે રહેતો હતો. આ યુવાનનો કારરેન્ટલનો બીઝનેસ હોવાથી તેને અનેક એનઆરઆઈ સાથે મુલાકાત થતી હતી. ઘણીવાર ડ્રાયવર ના મળવાથી જાતે કાર ડ્રાઈવ કરવા ગયો હોય ત્યારે પણ આવા એનઆરઆઈ સાથે વાતચીતમાં જાણવા મળ્યું કે વિદેશમાં તો દોઢ બે મહિને એકાદ વાર કોઈ વાહનનું હોર્ન સાંભળવા મળે ત્યારે તેને નવાઈ લાગતી હતી. આ દરમ્યાન તેણે પણ અનુભવ્યું કે હવે ધીમે ધીમે ગાંધીનગરમાં પણ અમદાવાદની જેમ ટ્રાફિક વધતો જાય છે અને તે સાથે બિનજરૂરી હોર્ન વગાડવાની સમસ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. આ દરમ્યાન તે ઓસ્ટ્રેલિયા પણ જઈ આવ્યો અને ત્યાં તેણે જાતે અનુભવ્યુ કે બીનજરૂરી હોર્ન વગાડવું એ ખરેખર સમસ્યા છે અને તે ધ્વનિ પ્રદૂષણ સાથે અનેક તકલીફોને નોંતરે છે. આ બાબતે તેણે રાજકોટના લેખિકા ડો. ગોરાબેન ત્રિવેદીના પુસ્તકો પણ વાંચ્યા અને તેમની મદદ લઈ રાજકોટ ખાતે "નો હોર્ન મુવમેન્ટ" હાથ ધરી અને તેમાં ધીમે ધીમે અનેક નાગરિકોનો તેને સહકાર મળ્યો હતો.

ગાંધીનગરમાં ગત તા. ૧૫મી ઓગષ્ટે તેણે પ્રથમવાર ૧૧ સાથીઓ સાથે ઘ-૦ સર્કલ પાસે બેનર્સ સાથે વાહનચાલકોને બિનજરૂરી હોર્ન નહી વગાડવા અપીલ કરતુ અભિયાન છેડ્યું હતુ. આ અભિયાનમાં તેણે વાહનચાલકોને પત્રિકાઓ વહેંચી, બેનર્સ પ્રદર્શિત કરી તથા ઉભા રાખી સમજાવટ સાથે બિનજરૂરી હોર્ન નહી વગાડવા પ્રેરિત કર્યા હતા. નિમેષ દવેના આ પગલાની અનેક વાહનચાલકોએ નોંધ લીધી અને પ્રસંશા પણ કરી હતી. આ દિવસે અહીંથી પસાર થતા મુખ્યમંત્રીઓના વાહનોના કાફલામાં મુખ્યમં તો નહોતા પરંતુ તેમના ડ્રાયવરે આ પ્રદર્શનકર્તાઓને જોઈ ગાડી ઉભી રાખી નીચે ઉતરી તેમની વાત સાંભળી હતી અને તેમને શાબાશી આપી હતી. આ ઘટનાથી ગૃપનો વિશ્વાસ વધુ મજબુત બન્યો હતો. અને હવે દર અઠવાડિયે રવિવારે ઘ-૦ સર્કલે આ મુવમેન્ટ યોજવામાં આવે છે જેમાં સ્વયંસેવકોની સંખ્યા વધતી જાય છે. આ દરમ્યાન અચાનક નિમેષ દવેને ફરીથી ઓસ્ટ્રોલિયા જવાનુ થતા તેણે સે. ૩માં રહેતા પરેશ ચાવડાને અહીંની જવાબદારી સોંપી છે. પોતે ઓસ્ટ્રેલિયાથી સોશ્યલ મિડિયા દ્વારા આ મુવમેન્ટનું સંચાલન કરી રહ્યો છે અને તા. ૪થી સપ્ટેમ્બર રવિવારે ફરીથી મોટી સંખ્યામાં સ્વયંસેવકો 'નો હોર્ન મુવમેન્ટ' ઘ-૦ સર્કલ ખાતે યોજવાના છે.

